GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

"સૈની ઈન્ડિયા" એક સંપૂર્ણ પાવર સોલ્યુશન આપતી કંપની
છેલ્લા 32 વર્ષથી સમગ્ર ગુજરાતમાં પાવર જનરેશન ક્ષેત્રે અગ્રણી
સિંગલ યુનિટમાં આપે છે 3000 KVA સુધીના પાવર જનરેટરની ક્ષમતા
► When the worlds sleeps
► Our power keeps working
► Ensures uninterrupted Performance
► 24x7 service
► 365 days a year
► Because downtime is not an option
► Soundless power
SAINI INDIA
Empowering the nation
(A Rakesh Saini Enterprise)
SINCE 1989
૩૧-૦૩-૨૦૨૬ પહેલાં
ડીજી સેટ ખરીદો અને મેળવો
૨+૩ વર્ષની વધારાની વોરંટી
Plot No. 992, Road No. 87, G.I.D.C, Sachin, Surat, Gujarat-394230
Email Id. hp@sainiindia.co.in | Website. www.sainiindia.co.in
Mo.: 95123 55591 | Office : 99041 55591 | 99044 55591

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ અંક : 33 * * * સંવત ૨૦૮૨ વૈશાખ સુદ અગિયારસ, સોમવાર ૨૭ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

# વ્હાઇટ હાઉસના ભોજન સમારંભમાં ગોળીબાર : ટ્રમ્પ સુરક્ષિત

**અંદર** ઘૂસી આવેલા બંદૂકબાજે ગોળીઓ છોડી, ગોળીબારમાં કોઇને ઇજા નહીં, હુમલાખોરને તત્કાળ પકડી લેવાયો

**પ્રમુખ** ટ્રમ્પ, ફર્સ્ટ લેડી મેલાનિયા, ઉપપ્રમુખ વાન્સ સહિતના મહાનુભાવોને સુરક્ષા કર્મીઓએ કવચ આપીને સલામત સ્થળે ખસેડ્યા

**સંખ્યાબંધ** મહેમાનો બચવા માટે ટેબલોની નીચે સંતાઇ ગયા

**વોશિંગ્ટન, તા. 26 (PTI):** અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વ્હાઇટ હાઉસના અન્ય ટોચના અધિકારીઓને પ્રમુખના સત્તાવાર નિવાસસ્થાન વ્હાઇટ હાઉસના સંવાદદાતાઓના વાર્ષિક રાત્રિ ભોજન સમારંભ દરમ્યાન હોટલના બોલરૂમની બહાર એક સશસ્ત્ર વ્યક્તિએ ગોળીબાર કરતા ત્યાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટના સ્થાનિક સમય મુજબ રાત્રે લગભગ ૮:૩૪ વાગ્યે બની હતી જ્યારે રાત્રિભોજન પીરસવામાં આવી રહ્યું હતું. તે સમયે, ટ્રમ્પ વ્હાઇટ હાઉસ કરસ્પોન્ડન્ટ્સ એસોસિએશનના પ્રમુખ વેઇજિયા જિયાંગ અને મેન્ટલિસ્ટ ઓઝ પર્લમેન સાથે વાતચીત કરતા જોવા મળ્યા હતા, જેઓ વોશિંગ્ટન હિલ્ટન ખાતેના આ મુખ્ય કાર્યક્રમમાં પોતાનો શો રજૂ કરવાના હતા. સિક્રેટ સર્વિસના અધિકારીઓ અને અન્ય સુરક્ષા કર્મચારીઓએ પ્રમુખ, ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ, ઉપપ્રમુખ જે.ડી. વેન્સ અને સેકન્ડ લેડી ઉષા વેન્સને સુરક્ષા કવચ પૂરું પાડ્યું હતું અને તેમને બોલરૂમની બહાર લઈ ગયા

...અનુસંધાન પાના 2 પર

### હુમલાખોર ટ્રમ્પ અને પ્રશાસનના ટોચના અધિકારીઓને નિશાન બનાવવા માગતો હતો?

**વોશિંગ્ટન.** વ્હાઇટ હાઉસ કોરેસ્પોન્ડન્ટ્સ એસોસિએશનના રાત્રિભોજન દરમિયાન બંદૂકો અને છરીઓ સાથે બોલરૂમમાં ઘૂસવાનો પ્રયાસ કરનાર આરોપી બંદૂકધારીએ કાર્યક્રમ પહેલા દેશભરનો પ્રવાસ કર્યો હતો અને એવું માનવામાં આવે છે કે તે ટ્રમ્પ વહીવટીતંત્રના સભ્યોને નિશાન બનાવી રહ્યો હતો, તેમ કાર્યકારી એટર્ની જનરલ ટોડ બ્લેન્ચે

...અનુસંધાન પાના 2 પર





### મોટા કામ કરનારાઓ પર જોખમ તો રહે જ છે : અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ

**વોશિંગ્ટન.** પોતાની હત્યાના કથિત પ્રયાસ અંગે બોલતા અમેરિકી પ્રમુખ ટ્રમ્પે કહ્યું હતું કે જેઓ મોટી અસર કરનારા કામો કરે છે તેમના પર જોખમ રહે છે અને લોકો તેમની પાછળ પડી જાય છે. તેમણે આ માટે ભૂતપૂર્વ પ્રમુખ અબ્રાહમ લિંકનની હત્યાનું ઉદાહરણ પણ ટાંક્યું હતું. શનિવારની આ ઘટનાની તેમના પર કેવી અસર પડી છે તેવા પ્રશ્નના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે, તેઓ એક

...અનુસંધાન પાના 2 પર

## 15 મનપા, 84 પાલિકા, 34 જિલ્લા અને 260 તાલુકા પંચાયતના મતદાનમાં ક્યાંક ઉત્સાહ તો ક્યાંક બહિષ્કાર

# રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં એકંદરે નિરસ મતદાન

**શહેરી** વિસ્તારોની સરખામણીએ ગ્રામીણ મતદારોમાં વધુ ઉત્સાહ દેખાયો

**રાજ્યની** 15 મનપામાં સરેરાશ 48.55 ટકા મતદાન નોંધાયું, કાળઝાળ ગરમીની અસર

**260** તા. પં.માં સરેરાશ 61.34 ટકા, 34 જિલ્લા પંચાયતમાં 60.68 ટકા

**84** નગરપાલિકામાં 58.15 ટકા મતદાન, 25,532 ઉમેદવારોનું ભાવિ સીલ થયું





**ગાંધીનગરઃ** ગુજરાતમાં આજે ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયત માટે મતદાન પ્રક્રિયા સંપન્ન થઈ છે. ૪૪ ડિગ્રી સુધી પહોંચેલા આકરા તાપમાન અને કેટલીક હિંસક ઘટનાઓ વચ્ચે લોકશાહીના આ પર્વમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો છે. સામાન્ય છમકલાં બાદ કરતા મતદાન શાંતિપૂર્ણ રહ્યું અને સવારના ધીમું રહ્યા પછી સાંજ પડતા સુધીમાં સરેરાશ 57 ટકા જેટલું મતદાન નોંધાયું છે. શહેરી વિસ્તારોની સરખામણીએ ગ્રામીણ મતદારોમાં વધુ ઉત્સાહ દેખાયો છે. સાંજે ૬ વાગ્યા સુધીના સત્તાવાર આંકડા મુજબ, રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓમાં સરેરાશ ૪૮.૫૫ ટકા જેટલું મધ્યમ મતદાન નોંધાયું છે. આ મનપાઓમાં વાપી ૬૫.૬૮ ટકા સાથે મોખરે રહ્યું છે, જ્યારે ગાંધીધામમાં સૌથી ઓછું ૩૯.૮૫ ટકા મતદાન થયું છે. અમદાવાદ (૪૫.૩૫%) અને રાજકોટ (૪૫.૨૧%) જેવા મોટા શહેરોમાં અપેક્ષા કરતા ઓછું મતદાન નોંધાયું છે, જ્યારે સુરત (૫૨.૮૩%) અને જામનગરે (૫૦.૦૨%) અડધી સદી વટાવી છે. બીજી તરફ, લોકશાહીના આ પર્વમાં ગ્રામીણ પ્રદેશમાં મતદાનમાં ભારે જોશ જોવા મળ્યો છે; રાજ્યની ૨૬૦ તાલુકા પંચાયતમાં સરેરાશ ૬૧.૩૪ ટકા, ૩૪ જિલ્લા પંચાયતમાં ૬૦.૬૮ ટકા અને ૮૪ નગરપાલિકામાં ૫૮.૧૫ ટકા મતદાન થયું છે. પંચાયતોના જંગમાં જનતાએ વધુ સક્રિયતા દાખવી હોવાનું સ્પષ્ટપણે આ આંકડાઓ પરથી દેખાઈ આવે છે. હવે આ તમામ બેઠકો પરના 25,532 ઉમેદવારોનું રાજકીય ભાવિ ઈવીએમમાં સીલ થયું છે, જેની ગણતરી આગામી ૨૮ એપ્રિલના રોજ હાથ ધરવામાં આવશે. કાળઝાળ ગરમીના કારણે બપોર બાદ મતદાનની ગતિ ધીમી પડી હતી, તેમ છતાં કેટલીક જગ્યાએ મતદારોમાં ઉત્સાહ પણ જોવા મળ્યો હતો.

### મનપામાં નીરસતા, પંચાયતોમાં જોર

સાંજે ૬ વાગ્યા સુધીના આંકડા મુજબ, ૧૫ મહાનગરપાલિકાઓમાં સરેરાશ ૪૮.૫૫% મતદાન નોંધાયું છે.

● મનપા - ક્યાં વધુ મતદાન - વા પી (૬૫.૬૮%), નવસારી

...અનુસંધાન પાના 2 પર

### તાપમાનનો પારો અને મતદાન પર અસર

રાજ્યમાં ૪૧ થી ૪૪ ડિગ્રીની હીટવેવની અસર મતદાન પર સ્પષ્ટ જોવા મળી હતી. બપોરના સમયે અનેક વિસ્તારોમાં સન્નાટો જોવા મળ્યો હતો. જોકે, અમદાવાદ જેવા શહેરોમાં મુસ્લિમ બહુલ વિસ્તારોમાં કાળઝાળ

...અનુસંધાન પાના 2 પર

### કેટલાક વિસ્તારોમાં ભારે ઉત્સાહ, કેટલાકમાં સન્નાટો

અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટના કેટલાક વિસ્તારોમાં વહેલી સવારથી મતદારોની લાંબી કતારો જોવા મળી. ખાસ કરીને

...અનુસંધાન પાના 2 પર

### અનેક ગામોએ મતદાનનો બહિષ્કાર કર્યો હતો

મહુવાઃ ઉમણીયાવદર સહિત ૨૦ ગામોએ નેશનલ હાઈવે પર 'કટ' ન મળવા બદલ મતદાનનો ત્યાગ કર્યો હતો. ધ્રોલ, ડેડીયાપાડા, ખેડા

...અનુસંધાન પાના 2 પર

### ગેરરીતિના આક્ષેપો અને હિંસક અથડામણ

**અમદાવાદઃ** કુબેરનગર વોર્ડમાં ભાજપ-કોંગ્રેસના કાર્યકરો વચ્ચે બોગસ વોટિંગ મુદ્દે મારામારી થઈ હતી, ત્યારબાદ પેરા મિલિટરી ફોર્સ

...અનુસંધાન પાના 2 પર

### મતદાન દરમિયાન આપના ઉમેદવાર સહિત ત્રણના મોત

રાજ્યમાં આજે મતદાન દરમિયાન ત્રણ અલગઅલગ સ્થળે એક ઉમેદવાર સહિત ત્રણના મોત થયા હતા. જેમાં જામનગરમાં વોર્ડ નં. ૩ ના

...અનુસંધાન પાના 2 પર

### મહાનુભાવોનું મતદાન અને પ્રતિક્રિયા

**આનંદીબેન પટેલઃ** ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે શીલજ ખાતે મતદાન કરી જણાવ્યું કે, મતદાન ન કરવું એ અપરાધ છે.

**જગદીશ ઠાકોરઃ** કોંગ્રેસ નેતાએ ભાજપ પર પોલીસની મદદથી

...અનુસંધાન પાના 2 પર

### ટેકનિકલ ખામીઓ

અમદાવાદમાં સવારના સમયે ૨૯ જેટલા EVM મશીનો બદલવામાં આવ્યા હતા. વસ્ત્રાલમાં સૌથી વધુ મશીનોમાં ખામી નોંધાઈ હતી. પંચમહાલના ગોધરામાં એક મતદાન મથકમાં આગ લાગતા અફરાતફરી મચી હતી, જોકે EVM મશીનો સુરક્ષિત રીતે ખસેડી લેવાયા હતા.

## સખત ગરમીનો પ્રતાપ : નવા વિક્રમ રચી રહેલી વીજળીની માગ

**શનિવારે** પીક પાવર માગ ૨૫૬.૧૧ ગીગાવોટની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી

**શુક્રવારનો** ૨૫૨.૦૭ ગીગાવોટનો વિક્રમ એક જ દિવસમાં તૂટી ગયો

**નવી દિલ્હી, તા. 26 (PTI):** ભારતની વીજળીની મહત્તમ માંગ શનિવારે ૨૫૬.૧૧ ગીગાવોટની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી ગઈ છે. તીવ્ર બની રહેલા હીટવેવને કારણે એર કંડિશનર અને ડેઝર્ટ કુલર જેવા ઠંડક આપતા સાધનોનો વપરાશ વધતા આ ઉછાળો આવ્યો હોવાનું વીજ મંત્રાલયના તાજેતરના ડેટા જણાવે છે.

શનિવારની આ માંગએ શુક્રવાર, ૨૪ એપ્રિલના રોજ ૧૫:૪૮ કલાકે નોંધાયેલા ૨૫૨.૦૭ ગીગાવોટના અગાઉના વિક્રમને તોડી નાખ્યો છે. પાવર મંત્રાલયના ડેટા અનુસાર, શનિવારે બપોરે ૧૫:૩૮ કલાકે વીજળીની માંગ ૨૫૬.૧૧

...અનુસંધાન પાના 2 પર

તા. ૨૬-૦૪-૨૦૨૬નું સુરત શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૪૧.૬° સે. | ૨૬.૯° સે. | 30% |

## અમેરિકા-ઇરાન મંત્રણાની હાલ શક્યતા જણાતી નથી

**ઇરાનના** વિદેશ મંત્રી શનિવારે પાકિસ્તાનથી રવાના થઇ ગયા અને અમેરિકી ટીમની પાકિસ્તાન મુલાકાત રદ થઇ તે પછી કોઇ મોટી હિલચાલ થઇ નથી

**ઈસ્લામાબાદ, તા. 26 :** ઈરાનના ટોચના રાજદ્વારી પાકિસ્તાન છોડીને રવાના થયા, અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના દૂતોને ઈસ્લામાબાદ ન જવાની સૂચના આપતા તેઓ પ્રવાસથી દૂર રહેતા હાલ તો પાકિસ્તાનમાં આ મંત્રણા યોજાવાની શક્યતા જણાતી નથી. અમેરિકી રાષ્ટ્રપતિએ સંકેત આપ્યો હતો કે હવે દડો ઈરાનના કોર્ટમાં છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, જો તેઓ વાત કરવા માંગતા હોય, તો તેમણે માત્ર ફોન કરવાની જરૂર છે!!! આ મંત્રણાઓ આ મહિનાની શરૂઆતમાં અમેરિકા જેનું નેતૃત્વ ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વેન્સ કરી રહ્યા હતા અને ઈરાન જેનું નેતૃત્વ સંસદ સ્પીકર મોહમ્મદ બાઘેર ગાલિબાફ કરી રહ્યા હતા વચ્ચે થયેલી ઐતિહાસિક રૂબરૂ મુલાકાત બાદ યોજાવાની હતી. પરંતુ ઈરાની અધિકારીઓએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે તેઓ અમેરિકા પર કેવી રીતે વિશ્વાસ કરી શકે, કારણ કે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' પર ઈરાનના નિયંત્રણના

...અનુસંધાન પાના 2 પર

### ઇરાનીઓ હવે અમારી સાથે ફોન પર વાત કરી શકે છે : ટ્રમ્પ

**વોશિંગ્ટન.** પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે જણાવ્યું હતું કે સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ માટે અમેરિકા અને ઈરાનના અધિકારીઓ ફોન પર વાત કરી શકે છે. ફોક્સ ન્યૂઝ ચેનલ સાથેના એક ઇન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું હતું કે તેમણે ૧૭ કલાકની લાંબી ફ્લાઇટ દ્વારા પ્રતિનિધિમંડળ મોકલવાને બદલે આ નિર્ણય લીધો છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે, બધી બાજી અત્યારે અમારા હાથમાં છે. જો તેઓ વાત કરવા માંગતા હોય, તો તેઓ અમારી પાસે આવી શકે છે અથવા

...અનુસંધાન પાના 2 પર

### ઇરાનના વિદેશ મંત્રી ફરીથી પાકિસ્તાન આવ્યા

**ઈસ્લામાબાદ.** ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી રવિવારે બીજી વખત પાકિસ્તાન પહોંચ્યા છે. અમેરિકા સાથે શાંતિ વાટાઘાટોના બીજા રાઉન્ડ અંગે અનિશ્ચિતતા વચ્ચે ત્રણ દિવસમાં તેમની આ બીજી મુલાકાત છે, તેમ સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો છે. અરાઘચી શનિવારે વડાપ્રધાન શહબાઝ શરીફ, ચીફ ઓફ ડિફેન્સ ફોર્સિસ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર અને અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથેની વાતચીત બાદ રવાના થયા

...અનુસંધાન પાના 2 પર

## રશિયાથી આયાત થતા ઓઈલની માહિતી આપવાનો સરકારનો ઈન્કાર

**આ માહિતી** ગોપનીય છે, આરટીઆઇમાંથી તેને મુક્તિ અપાઇ છે

**પેટ્રોલિયમ** મંત્રાલયના આ જવાબને કેન્દ્રીય માહિતી પંચનો પણ ટેકો

**નવી દિલ્હી, 26 (PTI):** રશિયાથી ભારત કરવામાં આવતી તેલની આયાતનો ડેટા પૂરો પાડી શકાય તેમ નથી કારણ કે આરટીઆઈ (RTI) એક્ટ હેઠળ તેની વ્યાપારી અને ગુપ્ત પ્રકૃતિને કારણે તેને મુક્તિ આપવામાં આવી છે. પેટ્રોલિયમ મંત્રાલય હેઠળના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ (PPAC) એ આ માહિતી આપી છે, જેને સેન્ટ્રલ ઇન્ફોર્મેશન કમિશને પણ દેશના વ્યૂહાત્મક અને આર્થિક હિતોને ટાંકીને સમર્થન આપ્યું છે.

આ કેસ જૂન ૨૦૨૨ થી જૂન ૨૦૨૫ વચ્ચે રશિયાથી ભારત આયાત કરવામાં આવેલા ક્રૂડ ઓઈલની વિગતો માંગતી RTI અરજી સાથે સંબંધિત છે, જેમાં IOCL, BPCL, HPCL, ONGC વિદેશ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને નાયરા એનર્જી જેવી કંપનીઓનો વિગતવાર ડેટા માંગવામાં આવ્યો હતો. સેન્ટ્રલ પબ્લિક ઇન્ફોર્મેશન ઓફિસર(CPIO) એ આ માહિતી

...અનુસંધાન પાના 2 પર